ગાંધીનગર સમાચાર

## ગુડા વિસ્તારના વિકાસ માટે ૨૬૧ કરોડના બજેટને સર્વાનુમતે મંજુરી




ફાગણમાં અષાઢી માહોલ - ઉનાળાનો આરંભ થઈ રહ્યો છે ત્યાં ગરમીની જમાવટ થાય એ પહેલા ગઈકાલ સાંજથી વાદળો ઘેરાતા વાતાવરણ અચાનક જ પલટાઈ ગયું... હિમાચલમાં હિમવર્ષાને પગલે ગાંધીનગર સહિત ગુજરાતભરમાં વાદળો ઘેરાયા... ક્યાંક ક્યાંક વરસાદના છાંટા પડ્યા... અને આંધી ચડતા વાતવરણ ધુંધળુ બન્યું હતું... ગરમીનું સ્વાગત કરીએ તે પહેલા જ આંધી - વરસાદના અનુભવે આશ્ચર્ય અને આંચકો આપ્યો હતો...

## આજના પરિણામો રાજ્યની રાજનીતિમાં બદલાવ લાવશે

### પાટનગરમાં ખૂણે ખૂણે થતી ચર્ચાઓમાં જો અને તો ના ગણિતો સાથે વાતો મંડાઈ

ગાંધીનગર, તા. ૧૦

ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો ગુજરાતની રાજનીતિમાં બદલાવ લાવનારા રહેશે ? તેવો પ્રશ્ન આજે પાટનગરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

ગઈકાલે સાંજે ટી.વી. ચેનલો પર જારી થયેલા પરિણામના પૂર્વાનુમાનો પછી આજે પાટનગરના રાજકીય વર્તુળોમાં સતત આ પ્રશ્નને લઈ ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.

ગઈકાલે મોડી સાંજે રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની હાજરીમાં સંગઠ્ઠન અને સરકારના મંત્રીઓની મળેલી બેઠકને આધાર બનાવી ગુજરાતમાં વહેલી ચૂંટણીની વાત અને પૂર્વાનુમાન પરિણામને સાંકળી આ ચર્ચા આખો દિવસ પાટનગરની ગલિયારીઓમાં સાંભળવા મળી હતી.

ઉત્તરપ્રદેશમાં ભાજપની ફેવરમાં પરિણામ આવતાં જ રાજ્યમાં વહેલી વિધાનસભાની ચૂંટણી આવશે તેને લઈ પણ ચર્ચાઓ જોરશોરથી સાંભળવા મળતી હતી. કેટલાક તો મે માસમાં જ ચૂંટણીઓ આવી રહી છે તેવી ખુલ્લમ્ ખુલ્લા વાત કરતા નજરે પડ્યા હતા. કેટલાક આગેવાનો બજેટ સત્ર પૂર્ણ થાય અને આ પછી નવી બજેટની જોગવાઈઓના અમલનો આરંભ કરાવી એપ્રિલના મધ્યમાં વિધાનસભાના વિસર્જનની શક્યતાઓ વ્યક્ત કરતા હતા. કર્મચારીઓ વિધાનસભા વિસર્જન પછી ૬ માસમાં જ ચૂંટણીઓ યોજવી પડે છે પણ જૂનમાં વરસાદી માહોલ થતાં ઓક્ટો-

● અનુસંધાન પાન-૭ પર

## ગુડા વિસ્તારના વિકાસ માટે ૨૬૧ કરોડના બજેટને સર્વાનુમતે મંજુરી

### બજેટમાં મુખ્યમંત્રી આવાસ યોજના, પાણી, ગટર, માર્ગો, બગીચા, તળાવ અને સ્ટ્રીટલાઇટના માળખાગત સુવિધાના કામો ઉપરાંત નોલેજ સેન્ટર અને ચિલ્ડ્રન પાર્ક સહિત ગામડાઓના વિકાસ કામો માટે પણ જોગવાઇ

ગાંધીનગર તા ૧૦

ગુડાની બેઠકમાં આજે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. આગામી વર્ષમાં ગુડા વિસ્તારમાં આવાસ યોજના, રસ્તા ,પાણી અને ગટર ઉપરાંત વિવિધ વિકાસ કામોને અનુલક્ષી રૂ ૨૬૧.૬૧ કરોડના બજેટને મંજુર કરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં વિકાસની યોજનાને વેગ આપવા માટે નવતર અભિગમ અપનાવાયો છે.જયારે બજેટમાં પણ આમ નાગરિકોને સુવિધા પુરી પાડવા માટે વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે.

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં ગુડાના ચેરમેન તેમજ મુખ્ય કારોબારી અધિકારી અશોક શર્મા તેમજ અન્ય સભ્યોની હાજરીમાં વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટ અંગે વિશેષ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બજેટ બેઠક દરમિયાન વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ ૨૬૧.૬૧ કરોડના બજેટને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. આ બજેટમાં મુખ્યત્વે મુખ્યમંત્રી આવાસ યોજના માટે રૂ ૧૦૧ ,૮૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રાયસણમાં એલ આઈ જી અને કુડાસણમાં એમ આઈ જી આવાસ યોજનાનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત રોડ રસ્તાના નિર્માણ માટે પણ રૂ ૪૫.૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુડા વિસ્તારમાં પાણીની સુવિધાને અનુલક્ષી રૂ ૩૩.૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે પુર્વતૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જયારે આગામી દાયકાઓને ધ્યાને લઈ ગુડા વિસ્તારમાં પાણીની યોજનાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. બજેટમાં હરિયાળીને નિખારવા માટે બાગ બગીચા માટે પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં બગીચા અને તળાવ માટે રૂ ૧૭ કરોડ ખર્ચવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પીકનીક સ્પોટ ઉભા કરવા માટે નવા તળાવો અને સિનિયર સિટીઝન્સ માટે પાર્ક બનાવાનુ કામ પણ હાથ ધરાશે. બજેટમાં ગુડા વિસ્તારની આગવી ઓળખ માટે પણ વિશેષ કામોને મંજુરી આપવામાં આવી છે. જેમાં નોલેજ સેન્ટર બનાવવા માટે રૂ ૧૦ કરોડ, સંસ્કાર કેન્દ્ર નિર્માણ માટે રૂ ૩ કરોડ, અને ચિલ્ડ્રન પાર્ક બનાવવા માટે રૂ ૧.૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૧૧૮૨૮૧ ખેડુત ખાતેદાર : અકસ્માત વીમા યોજના અન્વયે ૬૧ લાખ ચુકવાયા

જિલ્લામાં કેટલા ખેડુત ખાતેદારો નોંધાયેલા છે અને ખેડુતનુ મૃત્યુ થયુહોય તેવા કિસ્સામાં અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આપવામાં આવ્યા ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીએ જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ માં



**વિધાનસભામાં ગાંધીનગર**

- ધનંજય જોષી

આવી અને આ અન્વયે કેટલુ વળતર ચુકવાયુ ? દરિયાપુરના ગ્યાસુદ્દીન શેખ દ્વારા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૧૧૮૨૮૧ ખેડુત ખાતેદારો નોંધાયેલા છે. જયારે છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં કુલ ૧૧૯ ખેડુત ખાતેદારોના મૃત્યુના કિસ્સામાં અકસ્માત વીમા યોજના અન્વયે અરજીઓ મળી હતી. જયારે આ અરજીઓ સંદર્ભે ૬૧ અરજીઓ ગ્રાહ્ય રાખી રૂ ૬૧ લાખની ચુકવણી કરવામાં આવી છે. જયારે ૯ કીસ્સામાં અરજીઓ નામંજુર કરવામાં આવી છે.

**અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત બે વર્ષમાં ઘરવપરાશના ૬૩૬ વિજજોડાણ અપાયા**

અનુસુચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વિજ જોડાણ ૩૧૦ વિજજોડાણ આપવામાં આવ્યા જયારે આ માટે રૂ ૩૪.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે વર્ષ ૨૦૧૬-૧૭ માં ડિસેમ્બર અંતિત સ્થિતિએ ઘર વપરાશ અર્થે કુલ ૬૩૬ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે આ માટે રૂ૩૧.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. કુલ ૬૩૬ વિજજોડણ આપવા માટે રૂ ૬૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**દહેગામ તાલુકા માટે ૩ ચેકડેમને મંજુરી પૈકી એકનુ કામ પ્રગતિમાં**

દહેગામ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ મંજુર કરવામાં આવ્યા અને આ અન્વયે કેટલા કામ પુર્ણ થયા આ અંગે દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પુછેલા પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ મંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં કુલ ૩ ચેકડેમ મંજુર કરવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૧ કામ પ્રગતિ હેઠળ છે. જયારે ૨ કામ શરૂ થવાના બાકી છે.




## શહેરમાં ધો-૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓ ૧૪મીએ પોતાની બેઠક વ્યવસ્થા જોઈ શકશે

### સ્થળ સંચાલકોની બેઠક દરમિયાન સંચાલકો અને શિક્ષકાને મોબાઇલ ન રાખવા સુચના : પરીક્ષાર્થીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા પણ અનિવાર્ય

ગાંધીનગર તા ૧૦

આગામી સપ્તાહમાં શરૂ થનારી બોર્ડ પરીક્ષાને ધ્યાને લઈ શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આજે પરીક્ષાને અનુલક્ષી સ્થળ સંચાલકોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં પરીક્ષા દરમિયાન શાંતિ અને સલામતીનુ વાતાવરણ જળવાઈ રહે તે ઉપરાંત વર્ગ ખંડમાં પરીક્ષાર્થીઓ માટે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા રાખવા પણ સુચના આપવામાં આવી હતી. વધુમાં સ્થળ સંચાલક તેમજ શિક્ષકોને મોબાઈલ ન રાખવા પણ કડક સુચના અપાઈ હતી બાર્ડના પરીક્ષાર્થીઓ આગામી તા ૧૪ માર્ચના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકશે.

ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૧૫ માર્ચથી શરૂ થવાની છે. ત્યારે પરીક્ષાને અનુલક્ષી આખરી તૈયારીઓ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પરકાષ્ઠાએ છે. જયારે શિક્ષણતંત્ર પણ પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત છે. આજે પરીક્ષાને ધ્યાને લઈ વિવિધ સ્થળ સંચાલકોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી બારડે સ્થળ સંચાલકોની જવાબદારી સંભાળતા શિક્ષકોને જરૂરી સુચનાઓ આપી હતી. સ્થળ સંચાલકા અને શિક્ષકોને પરીક્ષા સ્થળ પર મોબાઈલ ન રાખવા માટે કડક સુચના આપવામાં આવી છે. જયારે વર્ગ ખંડમાં વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા રાખવા પણ જણાંવાયુ છે. પરીક્ષા દરમિયાન શાંતિ અને સલામતીનુ વાતાવરણ

● અનુસંધાન પાન-૭ પર

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**જગ્યા ભાડે આપવાની છે**

ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com